સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૯૦ ★ તા. ૨૮-૦૧-૨૦૨૦ ★ મંગળવાર ★ પાના-૪ ★ કિંમત રૂ. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

### ઉજવણી વેળા જુદી જુદી ઝાંકીઓ મુખ્ય આકર્ષણ

# પ્રજાસત્તાક દિવસની દેશમાં ઉજવણી : તાકાતનું પ્રદર્શન

## દિલ્હીમાં ઐતિહાસિક રાજપથ ખાતે ભવ્ય પરેડથી લોકો ભારે ઉત્સાહિત થયા : રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ગઈકાલે રવિવારના દિવસે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઐતિહાસિક રાજપથ ખાતે આયોજિત ભવ્ય પરેડમાં ભારતની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારતીય સૈન્ય બળની ઝાંકી નિકળી ત્યારે દેશવાસીઓ ગર્વથી ઝુમી ઉઠ્યા હતા. ભૂમિ સેના, હવાઈ દળ અને નૌસેનાની ટુકડીઓ જ્યારે પરેડમાં નિકળી ત્યારે દેશભક્તિની ધૂન ચારેબાજુ જોવા મળી હતી. તમામ લોકો ગૌરવ અનુભવી રહ્યા હતા. સૈન્ય હથિયારોની સાથે દેશની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, ગુલામનબી આઝાદ સહિત વિપક્ષના તમામ નેતાઓ પણ હાજર રહ્યા હતા. આ વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં અને પરેડમાં જનજાતિ મહેમાન પણ આકર્ષણ રહ્યા હતા. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૮થી વધારે ઝાંકીઓ તેમજ સ્કુલી બાળકો દ્વારા રજૂ કરાયેલા કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વખતે વોર મેમોરિયલ પર જઈને પુષ્પાજંલિ આપીને કરી હતી. વિકાસ પર આધારિત કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગની ઝાંકીઓ પણ આ વર્ષે રજૂ કરવામાં આવી હતી. સાંસ્કૃતિક વિષય પર આધારિત કેટલીક ઝાંકીમાં લોકનૃત્ય પણ જોવા મળ્યા હતા. રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી ચુકેલા ૨૬ બાળકો પણ ખુલી જીપમાં બેસીને ઝાંકીમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડ આશરે ૯૦ મિનિટ સુધી ચાલી હતી. ભવ્ય કાર્યક્રમમા ફ્રાન્સના પ્રમુખ મુખ્ય મહેમાન રહ્યા હતા. બ્રાજિલના પ્રમુખ ભવ્ય કાર્યક્રમને ખુબ જ ઉત્સાહ સાથે નિહાળ્યા હતા. વડાપ્રધાન મોદીની પાસે તેઓ કાર્યક્રમમાં ગોઠવાયા હતા. જુદા જુદા રાજ્યોના ટેબ્લો પણ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. સાથે સાથે સેનાની ભવ્ય પરેડ આકર્ષણનુ કેન્દ્ર રહી હતી. આઈએસ અને અન્ય ત્રાસવાદી સંગઠનની હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી હતી. ઉત્તરપૂર્વમાં અનેક બળવાખોર સંગઠન સક્રિય છે. જેથી અહીં પણ વિશેષ સુરક્ષા રાખવામાં આવી હતી. આસામ અને મણિપુરમાં ખાસ સુરક્ષા રાખવામાં આવી હતી. તમામ રાજ્યોમાં પોલીસ પેટ્રોલિંગ અને અન્ય પ્રકારની ચકાસણી મજબુત બનાવી દેવામાં આવી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, જમ્મુ-કાશ્મીર સહિત દેશના તમામ રાજ્યોમાં ઉજવણીને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી. સમગ્ર દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું હતું. દેશના અન્ય રાજ્યોમાં પણ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યાં હતા. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. રિહર્સલનો દૌર ચાલી રહ્યો હતો.આ વર્ષે ઉજવણીમાં કેટલીક બાબતો પહેલી વખત જોવા મળી હતી. ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જયોતિ પર પુષ્પાજંલિ અપર્ણ કરવાના બદલે આ વખતે નેશનલ વોર મેમોરિયલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્પાજંલિ આપી હતી. નવા નિમાયેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, ભારતીય સેનાના વડા મનોજ મુકુદ નરવાણે, નેવીના વડા કરમબીર સિંહ, એરફોર્સના વડા આરકેએસ બદોરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મોદીએ વોર મેમોરિયલનુ ઉદ્દ્ઘાટન કર્યુ હતુ. શહીદ થયેલા જવાનોની યાદમાં આનુ નિર્માણ કરાયુ છે.



ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી વીરપુરમાં ચાલી રહેલી મોરારી બાપુની રામકથામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ચૂંટણી પહેલા સામ સામે આરોપોનો દોર જારી

# દિલ્હી : નડ્ડાના કેજરીવાલ ઉપર ટુકડે ટુકડે ગેંગ અટેક

## રાષ્ટ્રવિરોધી તાકાતોનુ સમર્થન કેજરીવાલ કેમ કરી રહ્યા છે તે બાબત દેશના લોકો જાણવા માંગે છે : નડ્ડાનો ધડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીમાં હાલમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ છે. આવી સ્થિતીમાં સામ સામે આક્ષેપોનો દોર જારી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને જેએનયુ આ વખતે હોટ ટોપિક તરીકે છે. જેએનયુમાં દેશવિરોધી નારાના આધાર પર ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ પર તેજીબી પ્રહારો કર્યા છે. કેજરીવાલ ટુકડે ટુકડે ગેંગને સમર્થન કેમ કરી રહ્યા છે તે બાબત દેશ અને દિલ્હીના લોકોને દર્શાવે તેમ તમામ ઈચ્છે છે. કેજરીવાલ પર ટુકડે ટુકડે ગેંગનુ સમર્થન કરવાના આરોપો બાદ આ વિષય ચૂંટણીમાં જોરદાર રીતે છવાઈ જાય તેમ માનવામાં આવે છે. ચૂંટણી પ્રચારમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અરવિન્દ કેજરીવાલ પણ ટુંકડે ટુકડે ગેંગના બહાને પ્રહારો કરી ચુક્યા છે.

વોટ બેંકની રાજનીતિ કેજરીવાલ જોરદાર રીતે રમી રહ્યા છે. નડ્ડાએ ટ્વીટ કરીને કહ્યુ છે કે જેએનયુમાં દેશવિરોધી નારા લગાવનાર લોકો પર ચાર્જશીટ દાખલ કરવાની મંજુરી નહીં આપવાને લઈને પણ પ્રશ્નો કર્યા છે. જેપી નડ્ડાએ કહ્યુ છે કે કન્હેયા કુમાર, ઉમર ખાલિદને સમર્થન આપવામાં આવે છે. આ તમામ લોકો ભારત વિરોધી નારા લગાવી રહ્યા છે. આ લોકો દેશની અંખડતાને નુકસાન પહોંચાડી દેવા માટેની ધમકી આપી રહ્યા છે. કાનુની સંસ્થાઓ આ મામલામાં તપાસ કરી ચુકી છે. ચાર્જશીટ દાખલ કરવાની પણ તૈયારી દર્શાવી હતી. તપાસ સંસ્થાઓ દ્વારા ટુકડે ટુકડે ગેંગ સામે કાર્યવાહી કરવા કેજરીવાલની મંજુરી માંગી હતી. જો કે તેમને મંજુરી આપી નથી. અમિત શાહ અનેક વખત દિલ્હીની રેલીઓમાં ટુંકડે ટુકડે ગેંગના નામે પ્રહારો કરી રહ્યા છે. યોગ ગુરૂ રામદેવ પણ પ્રહારો કરી ચુકયા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે તખ્તો ગોઠવાઈ ગયો છે.

# બજેટ :૩૦ ટકા વધારે રકમ આપવાની રેલવેની રજૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર-૨ તેનુ બીજુ બજેટ રજૂ કરવાને લઈને ઉત્સુક છે. ત્યારે જુદા જુદા વિભાગો ઉપરાંત રેલવે દ્વારા પણ તેની રજૂઆત કરવામાં આવી ચુકી છે. જેમાં રેલવેના વિજીળીકરણ, ટ્રેક ડબલિંગ અને સ્ટેશનોનો આધુનિક બનાવવાની કામગીરી ચાલી રહી છે જેથી રેલવેને વધારે નાણાંની જરૂરીયાત દેખાઈ રહી છે.યાત્રીઓ પર વધારે કોઈ બોજ લાદવાની રેલવે મંત્રાલયની કોઈ યોજના નથી. રેલવે દ્વારા વધારે રકમની માંગ સાથે પોતાની યોજનાનો અમલી કરવાની યોજના ધરાવે છે. તમામ લોકો જાણે છે કે રેલવે બજેટનો હવે સામાન્ય બજેટની સાથે જ રજૂ કરવામાં આવે છે. પહેલા રેલવે દ્વારા અલગ બજેટ રજૂ કરવામાં આવતુ હતુ. હવે એક સાથે બજેટ રજૂ કરવામાં આવે છે. મોદી સરકારે ઐતિહાસિક ફેરફાર કરીને વર્ષ ૨૦૧૭માં આને સામાન્ય બજેટની સાથે રજૂ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી આ રેલવે બજેટ પણ સામાન્ય બજેટની સાથે જ રજૂ કરવામાં આવે છે. જુદી જુદી અપેક્ષાઓ વચ્ચે હવે રેલવે મંત્રાલય દ્વારા સરકાર પાસેથી ૪૦-૬૦ ટકા વધારે રકમની માંગ કરવામાં આવી છે. ગયા વર્ષે ૫૩૦૬૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. રેલવે દ્વારા પોતાના આધારભુત માળખાના વિકાસ માટે નાણાં મંત્રાય પાસેથી વધારાના બજેટની માંગ કરી છે.

રેલવેની દલીલ છે કે બાજેટમાં વધારે નાણાં મળવાની સ્થિતીમાં રોકાઈ પડેલી યોજનાને ટ્રેક પર લાવી શકાશે. સાથે સાથે યાત્રીઓ માટે વધારે સુવિધા ઉભી કરવામાં આવશે. રેલવેના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે છેલ્લા બજેટમાં અંદાજપત્રીય સહાયતાના સ્વરૂપમાં રેલવેને ૫૩૦૬૦ કરોડ રૂપિયાની રકમ મળી હતી. જો કે છેલ્લા એક વર્ષના ગાળામાં રેલવે દ્વારા વિજળીકરણ , ટ્રેક ડબલીકરણ, સ્ટેશનોની જાળવણી સહિત કેટલીક યોજનાઆમાં તેજી લાવી શકે છે. ડીઝલની કિંમતોમાં હાલમાં જોરદાર તેજી આવી ચુકી છે.

### શાહીન બાગને તેઓ તૌહીન બાગ કહેશે : સંબિત પાત્રા

# દિલ્હી ચૂંટણી : ૭૦ સીટો પર ૬૭૨ ઉમેદવાર મેદાનમાં છે

## અનામત સીટ પટેલનગરમાં માત્ર ૪ ઉમેદવારો મેદાનમાં

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ માટે ઉમેદવારી પત્રો ભરવામાં આવી ચુકયા છે. ઉમેદવારો મતદારોને પ્રભાવિત કરવામાં જોરશોરથી લાગેલા છે. ચિત્ર સ્પષ્ટ થયા બાદ હવે ૭૦ વિધાનસભા સીટટ પર કુલ ૬૭૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૩ વિધાનસભા સીટમાં તો કોઈ મહિલા ઉમેદવાર મેદાનમાં નથી. પાટનગર દિલ્હીમાં પ્રતિષ્ઠિત નવી દિલ્હી વિધાનસભા સીટ પર સૌથી વધારે ૨૮ ઉમેદવારો છે. જ્યારે અનામત સીટ પટેલ નગરમાં માત્ર ચાર ઉમેદવારો મેદાનમાં છે. આ સીટ પરથી જ દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ પણ ઉમેદવાર છે. દિલ્હી ચૂંટણી અધિકારીઓના કહેવા મુજબ ઉમેદવારી પત્રોની ચકાસણી, નામ પરત લેવાની પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જે પૈકી હવે મેદાનમાં ૫૯૩ પુરૂષ ઉમેદવાર, ૭૯ મહિલા ઉમેદવારો મેદાનમાં છે. ૧૯૯૩માં દિલ્હી વિધાનસભા ફરી બન્યા બાદ આ પ્રથમ ચૂંટણી છે જ્યારે સૌથી ઓછા ઉમેદવારો મેદાનમાં છે. દિલ્હીમાં આ વખતે વરિષ્ઠ અને વૃદ્ધ નાગરિકોને લાવવા માટે ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ૬૬ મહિલા અને એક ટ્રાન્સજેન્ડર સહિત ૬૭૩ ઉમેદવારો હતા. આમઆદમી પાર્ટી તમામ ૭૦ સીટો પર મેદાનમાં છે. આવી જ રીતે ભારતીય જનતા પાર્ટીએ ૬૭ સીટ પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. જનતા દળ યુનાઈટેડના બે ઉમેદવારો છે. એક સીટ રાષ્ટ્રીય લોકજનશક્તિ માટે રાખવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા ૬૬ સીટ પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. રાષ્ટ્રીય જનતા દળના ચાર ઉમેદવારો છે. આ વખતે ૮૦ ઉમેદવારો દ્વારા નવી દિલ્હી સીટ પર પત્રો ભર્યા હતા. જો કે તપાસ બાદ અંતે બે મહિલા સહિત ૨૮ ઉમેદવારો મેદાનમાં રહી ગયા છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં એમ તો ત્રિકોણીય સ્પર્ધા થનાર છે પરંતુ અહીં ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા થનાર છે. કેજરીવાલની પણ મુખ્ય કસોટી થનાર છે. કેજરીવાલ બહુમતિ મેળવીને સત્તામાં આવ્યા હતા. દિલ્હીમાં ચૂંટણી આ વખતે ખુબ જ પ્રતિષ્ઠિત બનનાર છે. એકબાજુ અરવિંદ કેજરીવાલ સત્તાને જાળવી રાખવા માટે તમામ પ્રયોગો કરી રહ્યા છે. અનેક મોટી જાહેરાત તેમના તરફથી કરવામાં આવી ચુકી છે. કેજરીવાલ પોતે કરિશ્માવાળા નેતા છે સામે ભાજપના પ્રદેશ એકમમાં કોઈ શક્તિશાળી નેતા દેખાઈ રહ્યા નથી. ભાજપ તરફથી સારી પ્રતિષ્ઠા ધરાવનાર અરુણ જેટલી અને સુષ્મા સ્વરાજ જેવા નેતાઓ હવે રહ્યા નથી. આવી સ્થિતિમાં કેજરીવાલ સામે ટક્કર લેવા માટે ભાજપ પાસે લીડર નથી. બીજી બાજુ ભાજપમાં મનોજ તિવારી લોકપ્રિય નેતા તરીકે ઉભરી રહ્યા છે. તેમના પ્રયાસો પણ ઉલ્લેખનીય રહ્યા છે. જુદા જુદા કાર્યક્રમોમાં સતત હાજરી આપી રહ્યા છે. મનોજ તિવારી ઉપરાંત ગંભીર ઉપર પણ જવાબદારી દેખાઈ રહી છે.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હળવો વરસાદ જારી

# પહાડો ઉપર હિમવર્ષા : ઉત્તર ભારતમાં વરસાદની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૭

પહાડી વિસ્તારોમાં હિમવર્ષા યથાવત રીતે જારી છે. જેના કારણે એકબાજુ આ તમામ વિસ્તારોમાં કાતિલ ઠંડી પડી રહી છે. બીજી બાજુ ઉત્તર ભારતમાં કેટલાક ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે. કેટલાક અન્ય વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. જમ્મુ કાશ્મીર અને ઉત્તારીય પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બાન્સની અસર ઉત્તાર ભારતમાં જોવા મળી રહી છે. સાઈક્લોનની અસર સમગ્ર ઉત્તર ભારતમાં જોવા મળી રહી છે. પૂર્વીય ઉત્તર ભારતમાં તેની અસર જોવા મળી રહી છે. દિલ્હી અને એનસીઆરમાં પણ વરસાદ થઈ શકે છે. પંજાબ, રાજસ્થાન અને હરિયાણામાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના કહેવા મુજબ સમગ્ર ઉત્તર ભારતમાં વધારે વરસાદ થઈ શકે છે. જો કે તાપમાનમાં હાલમાં વધારો થશે.હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હિમ વર્ષા જારી રહી છે. તાપમાન માઈનસમાં છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમા પણ હાડ ગાળી નાંખે તેવી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પારો ખુબ ગબડી ગયો છે. કાશ્મીર ખીણમાં ભારે હિમવર્ષા માટેની આગાહી અકબંધ રાખવામાં આવી છે. હિમાચલપ્રદેશમાં પણ ઉંચાણવાળા વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. ટ્યુરિસ્ટ સ્થળો કુલ્લુ જિલ્લામાં મનાલીમાં માઈનસમાં તાપમાન રહ્યુ છે. ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે.

ખાસ કરીને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ટ્રેનો મોડેથી દોડી રહી છે. માર્ગો પર ધુમ્મસના કારણે સવારે મોટી સંખ્યામાં લોકોને અવરજવરમાં તકલીફ પડી હતી. વિજિબિલિટી ઘટી જવાના કારણે દિલ્હી વિમાનીમથકે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## તંત્રી લેખ.....

# નક્કર અમલનો અભાવ

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એક એનજીઓ બિનસરકારી સંસ્થા છે, જેના સભ્યોમાં મોટામોટા કૉર્પોરેશનો સામેલ છે. આ સંસ્થાનું ઘોષિત મિશન છે, 'સમાજના વેપારી, રાજકીય, અકેડેમિક અને અન્ય નેતાઓ વચ્ચે વિચાર વિનિમય, જેનાથી વિશ્વની હાલતમાં સુધારો થાય'. અહીં કૉર્પોરેટ ઘરાણાના સીઈઓ ઉપરાંત ડોનલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી, પ્રિયંકા ચોપરા અને દીપિકા પદુકોણ જેવી સેલિબ્રિટીઓ, પત્રકારો અને બૅંકરોની પણ ભાગીદારી થાય છે! અહીં વિશ્વને બહેતર બનાવવાની ઘણી વાતો, ડાહી ડાહી વાતો થાય છે.ક્લૉસ શ્વોબે આ વખતની બેઠકમાં એવું આહ્વાન કર્યું હતું કે, પૂંજીપતિઓએ તેમને શેરહોલ્ડરોના હિતથી ઉપર ઊઠીને તેના સ્ટેકહોલ્ડરોના હિતોનું ધ્યાન રાખવું જોઈએ. ઑગસ્ટ ૨૦૧૯ની અમેરિકા ખાતે યોજાયેલી બિઝનેસ રાઉન્ડ ટેબલ બેઠકમાં પણ એ જ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, કંપનીઓએ પોતાના લાભ ઉપરાંત તેના કર્મચારીઓના ભવિષ્યમાં પણ રોકાણ કરવું જોઈએ અને નજીકના સમુદાયોને મદદ કરવી જોઈએ. સામાજિક જવાબદારી નિભાવવાની વાતો કરવી એ તો કૉર્પોરેટ્સનું મનોરંજન છે એમ અનેકો માને છે. દરેક બેઠકમાં જૂની વાતોનું રિપેકેજિંગ કરીને ફરી રજૂ કરવામાં આવે છે. દાવોસ-૨૦૨૦ના એજેન્ડા પર પણ એ જ વાતો હતી.જે લોકો વધારે બુદ્ધિશાળી અને ચતુર છે એ લોકો તો સમજે જ છે કે, મજૂરો-કર્મચારીઓને જીવતાં રાખવામાં પૂંજીવાદ-મૂડીવાદ માટે જરૂરી છે. ઈન્ટરનેશનલ લેબર ઑર્ગેનાઈઝેશન (આઈએલઓ)નો તાજો અહેવાલ જણાવે છે કે, ૪૭ કરોડ લોકો બેરોજગારીના પંજામાં સપડાયેલા છે. ગ્લોબલ સ્લોડાઉનને પગલે નવા રોજગાર ઊભી નથી થતાં અને પ્રચંડ ગરીબી વધવાના સંકેતો મળે છે. વિચારો તો ખરા કે, વિશ્વમાં ગરીબોની સંખ્યા વધતી જશે તો મોલ્સની અભેરાઈઓ પર રાખેલી વસ્તુઓ ખરીદશે કોણ? એમેઝોન અને ઑસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગની ગરમી દાવોસ ૨૦૨૦ના ભાગીદારોએ અનુભવી હતી. સ્વીસ કોન્ફેડરેશનના અધ્યક્ષે મંચ પરથી કહ્યું હતું કે, જ્યારે આર્થિક લાભને પ્રકૃતિ કરતાં વધારે મહત્ત્વ અપાશે તો તેનું પરિણામ માનવજાત અને અર્થતંત્રને માટે ઘાતક હશે. દાવોસની લગભગ તમામ બેઠકના અલગ અલગ સત્રમાં જે વાત પર વારંવાર ભાર મૂકવામાં આવતો હતો તે 'ઓછામાં ઓછી દખલઅંદાજીનો', એટલે કે સરકાર પોતાની ભૂમિકા ઘટાડે, તમામ પબ્લિક સેક્ટરની કંપનીઓ વેચી નાખવામાં આવે, સરકારી નિયમનો ઓછા કરવામાં આવે, ખાનગી કંપનીઓ પર કરવેરાનો બોજ ના નાખવામાં આવે એ છે સરકારનો 'ઓછો હસ્તક્ષેપ' કૉપોરેટ્સ તો દરેક ઠેકાણે ઓછામાં ઓછા સરકારી નિયમનો, કરવેરામુક્ત વેપારક્ષેત્ર અને ઓછામાં ઓછી સરકારી માથાપચ્ચીનો આગ્રહ જ રાખશે, એ તો યુનિવર્સલ માગણી હોવાની! એક તબક્કે સ્વીસ કોન્ફેડરેશનનાં પ્રમુખ સિમોનેટા સોમારૂગાએ કહ્યું હતું કે, આજે મને વિશ્વની પરિસ્થિતિ બહુ ચિંતાજનક લાગે છે. ઠેરઠેર અસહનશીલતા, ઘૃણાની અભિવ્યક્તિ અને બદલાની ભાવનાના ભડકા છે... આપણે આપણા સૌના ભવિષ્ય માટે સાચું સંતુલન શોધવું પડશે. આમાં કોઈને પણ કશું સમજાય ખરું. આ વાતો સાંભળવામાં સારી લાગે છે, કાનને ગમે પણ છે. જોકે, આવી બધી વાતોનું પરિણામ કશુંય આવતું નથી. ફોરમના તમામ ભાગીદારો આ પરિષદ પૂર્ણ થવાની સાથે પોતપોતાના કામમાં બેફિકરાઈથી જોતરાઈ જાય છે, કારણ કે આ બેઠકોમાં લેવાયેલા નિર્ણયોનો અમલ કરવાનું કોઈ બંધન કોઈના પર નથી.

# બદલાતી આબોહવા : માનવજાત માટે સૌથી મોટો પડકાર

વિશ્વની ત્રણ સંસ્થાઓએ વર્ષ ૨૦૧૯ની સાથે પૂર્ણ થયેલા દાયકાને નોંધાયેલા સૌથી વધુ ગરમ દાયકા તરીકે ગણાવ્યો છે.યુએસની નાસા અને નેશનલ ઓશનિક ઍન્ડ એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશન તથા યુકેની મેટ ઓફિસના જણાવ્યા અનુસાર ૧૮૫૦થી રાખવામાં આવેલા રેકર્ડ પ્રમાણે વીતેલું વર્ષ બીજા નંબરનું સૌથી ગરમ વર્ષ હતું.૧૭૦ વર્ષના રેકર્ડમાં છેલ્લાં પાંચ વર્ષ સૌથી વધુ ઉષ્ણાપૂર્ણ રહ્યાં છે, જે ઔદ્યોગિક યુગની શરૂઆત પહેલાંનાં વર્ષો કરતાં એક ડિગ્રી સેલ્સિયસથી પણ વધારે ગરમ રહ્યાં હતાં.મેટ ઓફિસના જણાવ્યા અનુસાર ગરમ વર્ષોનો સિલસિલો ૨૦૨૦માં પણ ચાલુ રહે તેવી શક્યતા છે.રેકર્ડ પ્રમાણે ૨૦૧૬નું વર્ષ સૌથી ગરમ રહ્યું હતું. તે વખતે અલ-નિનોની અસરના કારણે વિશ્વનું તાપમાન વધી ગયું હતું.આ આંકડા નવાઈ પમાડે તેવા નથી, કેમ કે વર્લ્ડ મિટિયોરોલૉજિકલ ઓર્ગેનાઈઝેશન એ ડિસેમ્બર ૨૦૧૯ની શરૂઆતમાં જ જણાવી દીધું હતું કે આ દાયકો સૌથી વધુ તાપમાન ધરાવનાર દાયકો સાબિત થઈ શકે છે.ટેમ્પરેચર ડેટા તૈયાર કરવાનું કામ કરતી મેટ ઓફિસના જણાવ્યા અનુસાર ૧૮૫૦થી ૧૯૦૦ સુધીના સરેરાશ તાપમાન કરતાં ૨૦૧૯નું વર્ષ ૧.૦૫ સેલ્સિયસ વધારે ગરમ રહ્યું.ગયા વર્ષે જૂન અને જુલાઈમાં યુરોપમાં બેવાર હિટ-વેવ આવ્યા હતા. તેમાં ૨૮ જૂને ફ્રાન્સમાં ૪૬ ડિગ્રી સેલ્સિયસના સૌથી ઊંચા તાપમાનનો વિક્રમ નોંધાયો હતો.જર્મની, નેધરલૅન્ડ, બેલ્જિયમ, લકઝમબર્ગ અને યુકેમાં પણ ૩૮.૭ સેલ્સિયસ સાથે નવો રેકર્ડ નોંધાયો હતો.ઑસ્ટ્રેલિયામાં પણ ઉનાળા દરમિયાન લઘુતમ તાપમાન લગભગ એક ડિગ્રી ઊંચુ નોંધાયું હતું.તાપમાન વધી રહ્યું છે ત્યારે ગરમી ઉત્પન્ન કરતા ગૅસનું ઉત્સર્જન ઓછું કરવા માટેના પ્રયાસો છે તે નકામા સાબિત થઈ રહ્યા છે, કેમ કે વિજ્ઞાન સામે રાજકારણ ટકરાતું રહે છે.દાખલા તરીકે યુકે વર્ષના અંતે સંયુક્ત રાષ્ટ્રસંઘની ક્લાઈમેટ કોન્ફરન્સ યોજવા માટે મથામણ કરતું રહ્યું હતું. આ પરિષદમાં બધા દેશો ભેગા મળીને તાપમાન વધારતા ગૅસને ઓછા કરવા કોશિશ કરી કરશે.બોરીસ જ્હોનસને કહ્યું હતું કે યુકેએ ક્લાઈમેટ ચેન્જમાં વિશ્વની આગેવાની લેવી જોઈએ. જોકે હવે તેઓ પોતે જ પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ કરી રહ્યા હોય તેવો આક્ષેપ થઈ રહ્યો છે.વિમાનોમાં મુસાફરી પર ૧૩ પાઉન્ડનો વેરો ઓછો કરવા માટે વિચારણા કરવાનો વાયદો તેઓ કરી રહ્યા છે, કેમ કે નોકરીઓ અને કનેક્ટિવિટી માટે તેમ કરવું જરૂરી છે.ક્લાઈમેટ ચેન્જ કમિટીએ તેમને સલાહ આપી હતી તેનાથી તેમનું આ વલણ વિપરીત છે. લોકો ઓછો વિમાની પ્રવાસ કરે અને તે માટે પ્રવાસ મોંઘો કરવો જોઈએ એવી સલાહ અપાઈ હતી, પ્રવાસ સસ્તો કરવા માટે નહીં.આવી રીતે ક્લાઈમેટ ચેન્જના મામલે સમસ્યા આવ્યા જ કરે છે, જેથી રાજકારણ અગાઉની જેમ ચાલતું જ રહે.ત્રણેય સંશોધન સંસ્થાએ છેલ્લા ૧૨ મહિનાના થોડા જુદા જુદા આંકડાના આધારે વિશ્લેષણ કર્યું હતું, જ્યારે વર્લ્ડ મિટિયોરોલૉજિકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા થયેલા વિશ્લેષણમાં જાપાન મિટિયોરોલૉજિકલ એજન્સી તથા કોપરનિક્સ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના વધારાના આંકડાનો પણ ઉપયોગ કરાયો હતો.આ વધારાના આંકડા પ્રમાણે ૨૦૧૯નું વર્ષ ઔદ્યોગિક યુગ પહેલાંના તાપમાન કરતાં ૧.૧સેલ્સિયસ વધારે ગરમ હતું.અમારા વૈશ્વિક તાપમાનના આંકડા પ્રમાણે ૨૦૧૯નું વર્ષ ૨૦૧૫ પછીના નોંધાયેલા પાંચ સૌથી વધુ ગરમ વર્ષોમાં જોડાઈ ગયું છે, એમ મેટ ઓફિસના હેડલી સેન્ટરના ડૉ. કોલિન મોરિસ કહે છે.૧૯૮૦ના દાયકા પછીના દરેક દાયકા અગાઉના દાયકા કરતાં ગરમ થતા રહ્યા છે. ૨૦૧૯ના વર્ષના અંત સાથે દાયકો સૌથી વધુ ગરમ રહ્યો છે.સંશોધકો કહે છે કે માનવીય પ્રવૃત્તિઓને કારણે કાર્બનઉત્સર્જન થઈ રહ્યું છે તે સતત વધી રહેલા તાપમાન માટેનું મુખ્ય કારણ છે.આપણા હવામાનમાં આજ સુધીનું નોંધાયેલું સૌથી વધુ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ છે અને વધતા તાપમાન સાથે કાર્બન ડાયોક્સાઈડનું વધેલું પ્રમાણ સીધો સંબંધ દેખાડી આપે છે, એમ રોયલ મિટિયોરોલૉજિકલ સોસાયટીના પ્રોફેસર લીઝ બેન્ટલી કહે છે.છેલ્લા દાયકામાં આપણે વિશ્વનું સૌથી ઊંચું તાપમાન જોયું છે અને તે વધતું જ રહેવાનું છે. કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણ વધી રહ્યું છે તે સાથે વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે.ત્રણ જુદી જુદી એજન્સીઓએ જુદી-જુદી પદ્ધતિએ આંકડા તૈયાર કર્યા છે, તેના કારણે આ અનુમાન ખરું હશે તેવો વિશ્વાસ બેસે છે.માનવીય પ્રવૃત્તિને કારણે તાપમાન વધી રહ્યું છે તે આપણે જાણીએ છીએ, પણ એ અગત્યનું છે કે વધતા તાપમાનને અચૂક રીતે માપવામાં આવે,એમ પ્રોફેસર ટીમ ઓસ્બોર્ન કહે છે. આંકડા એકઠા કરવા સાથે સંકળાયેલા ઓસ્બોર્ન ઈસ્ટ એન્જિલા યુનિવર્સિટીના ક્લાઈમેટ રિસર્ચ યુનિટમાં કામ કરે છે.૧૯મી સદીના પાછલા હિસ્સા કરતાં પૃથ્વીનું તાપમાન ૧ સેલ્સિયસ જેટલું વધ્યું છે તેવો અમને વિશ્વાસ છે, કેમ કે જુદી જુદી પદ્ધતિએ વૈશ્વિક તાપમાન ચકાસાયુ તેમાં સમાન પરિણામો મળ્યાં છે.અમેરિકાના નાસા તથા નેશનલ ઓશનિક ઍન્ડ એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશન તથા યુકેના મેટ ઓફિસ દ્વારા જાહેર થયેલા આંકડામાં જમીન અને દરિયાની સપાટી પર વધેલું તાપમાન જણાવાયું છે. સાથે જ દરિયાની અંદરનું તાપમાન પણ વિક્રમી સ્તરે નોંધાયું છે.કુદરતમાં આવતાં પરિવર્તનોને કારણે વિજ્ઞાનીઓ વર્ષોવર્ષ તાપમાન વધે તેવી અપેક્ષા રાખતા નથી, પરંતુ મેટ ઓફિસનું અનુમાન છે કે ૨૦૨૦નું વર્ષ પણ ગરમ રહેવાનું છે.ઔદ્યોગિક યુગ પહેલાંના સરેરાશ તાપમાન કરતાં વૈશ્વિક સરેરાશ તાપમાન ૧.૧ સેલ્સિયસ વધારે રહે તેવી શક્યતા છે. તેનો અર્થ એ છે કે વીતેલા વર્ષ કરતાં ય થોડું વધારે ઉષ્ણ આવતું વર્ષ હશે.૨૦૧૯ના વર્ષ દરમિયાન તમામ સમુદ્રમાં તાપમાન ઐતિહાસિક રહ્યું છે. વાતાવરણ વિજ્ઞાનને લગતા એક પ્રકાશનમાં પ્રકાશિત લેખમાં નોંધવામાં આવ્યું છે કે ૨૦૧૯ના વર્ષ દરમિયાન સમુદ્રમાં વૈશ્વિક તાપમાનના અગાઉના તમામ કરતાં વિક્રમરૂપ ગરમી નોંધાઈ હતી. તેના કારણે સમુદ્રમાં જળસ્તરમાં વધારો નોંધાયો છે તથા સામુદ્રીક પ્રાણીઓને પણ નુકસાન થાય છે. અભ્યાસમાં જણાવ્યા અનુસાર છેલ્લાં દસ વર્ષના તાપમાનમાં સમુદ્રનું તાપમાન ઉંચું રહ્યું હતું. ચીનની વિજ્ઞાન એકેડમીના અધ્યાપક લીજીંગ ચેન્ગના જણાવ્યા અનુસાર છેલ્લાં ૨૫ વર્ષ દરમિયાન વધેલું તાપમાન એ હીરોશીમાના અણુબોંબના ૩.૬ અબજ ક્ષમતાના વિસ્ફોટ જેટલું થાય છે. ૧૧ સંસ્થાઓના ૧૪ વિજ્ઞાનીઓએ આબોહવા પરિવર્તનને પાછું વાળવા પર ભાર મૂક્યો છે.વિજ્ઞાનીઓ કહે છે કે ગ્લૉબલ વૉર્મિંગને કારણે પૃથ્વી પર વિનાશક અસરો થઈ શકે છે.માનવીય પ્રવૃત્તિઓને કારણે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન વધ્યું છે અને તેના કારણે તાપમાન વધ્યું છે.ઊંચું તાપમાન અને ધ્રુવ પ્રદેશોમાં ઓગળતો બરફ તેની સંભવિત અસરો છે.પૃથ્વીના આવા બદલાતા વાતાવરણ વિશે આપણે કેટલું જાણીએ છીએ?પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧૫ સેલ્સિયસ ડિગ્રી છે, જે ભૂતકાળમાં ઘણું જુદું હતું.આબોહવામાં કુદરતી રીતે પરિવર્તન આવતું રહે છે, પણ વિજ્ઞાનીઓ કહે છે કે અગાઉ કરતાં હવે પૃથ્વીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે.ગ્રીનહાઉસની અસરને કારણે આવું થઈ રહ્યું છે. ગ્રીનહાઉસ વધે ત્યારે પૃથ્વી સૂર્યની વધારે ગરમી શોષી લે છે.પૃથ્વી પરથી પરાવર્તિત થતાં સૂર્યકિરણો પૃથ્વીના વાતાવરણમાં જ ગ્રીનહાઉસ ગૅસ શોષી લે છે અને તેને ચારે દિશામાં ફેલાવે છે.તેના કારણે નીચેના સ્તરનું હવામાન તથા પૃથ્વીની સપાટી બંને ગરમ થાય છે. આવી ઉષ્મા ના હોય તો પૃથ્વી ૩૦'સેલ્સિયસ જેટલી વધારે ઠંડી થઈ ગઈ હોત અને જીવન માટે તે આકરી બની હોત.વિજ્ઞાનીઓ માને છે કે આપણે હવામાં વધારે ને વધારે વાયુઓ છોડી રહ્યા છીએ. ઉદ્યોગોમાંથી નીકળતો ધુમાડો અને કૃષિમાં વપરાતી વધારે ઊર્જાને કારણે તાપમાન વધી રહ્યું છે.આ સ્થિતિને આબોહવા પરિવર્તન અથવા વૈશ્વિક તાપમાન વૃદ્ધિ કહે છે.ગ્રીનહાઉસ ગૅસમાં સૌથી મોટું પ્રમાણ પાણીનું બાષ્પીભવન છે. જોકે વરાળ સ્વરૂપે રહેલું આવું જળ વાતાવરણમાં થોડા દિવસો માટે જ રહે છે.તેનાથી વિપરીત કાર્બન ડાયોક્સાઈડ લાંબો સમય સુધી વાતાવરણમાં રહે છે.ઔદ્યોગિક યુગની શરૂઆત થઈ તે પહેલાં કાર્બન ડાયોક્સાઈડનું જેટલું પ્રમાણ હતું, ત્યાં સુધી પહોંચવામાં સેંકડો વર્ષો લાગી જશે. દરિયા જેવાં કુદરતી પરિબળો દ્વારા જ તેને શોષી શકાય તેમ છે.મનુષ્ય ઊર્જા માટે કોલસો, ફૂડ વગેરે બાળે છે તેના કારણે કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થાય છે.જંગલોમાં કાર્બન ડાયોક્સાઈડ સચવાયેલો રહે છે, પણ જંગલો નાશ પામે, તેને કાપી નાખવામાં આવે ત્યારે તેમાં રહેલો કાર્બન ડાયોક્સાઈડ છુટ્ટો થઈને તાપમાન વધારે છે.૧૭૫૦ની આસપાસ ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૩૦% કરતાંય વધી ગયું છે.છેલ્લાં આઠ લાખ વર્ષોમાં વાતાવરણમાં સૌથી વધુ કાર્બન ડાયોક્સાઈડ જમા થઈ ગયો છે.મિથેન અને નાઈટ્રોસ ઑક્સાઈડ જેવા બીજા ગ્રીનહાઉસ ગ્રીન પણ માનવીય પ્રવૃત્તિને કારણે છૂટે છે, પણ તેનું પ્રમાણ કાર્બન ડાયોક્સાઈડ કરતાં ઓછું છે.પીગળતા બરફને કારણે દરિયાની સપાટી વધી રહી છે. તાપમાન વધ્યું છે ત્યાં મોટા ભાગના ગ્લેશિયર ઘટવા લાગ્યા છે.૧૯૭૯ પછી ધ્રુવપ્રદેશમાં પણ બરફના જથ્થામાં નાટકીય ઘટાડો થયો છે તેવું સેટેલાઈટની તસવીરો પરથી જણાય છે.હાલનાં વર્ષોમાં ગ્રીનલૅન્ડના બરફના સ્તરોમાં પણ વિક્રમજનક ઘટાડો થયો છે.સેટેલાઈટ ડેટા દર્શાવે છે કે પશ્ચિમ ઍન્ટાર્કટિકના બરફના સ્તરમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે.હાલના અભ્યાસ પરથી ખ્યાલ આવ્યો છે કે પૂર્વ ઍન્ટાર્કટિકમાંથી પણ બરફ ઓગળતો હોય તેમ લાગે છે.બદલાતી આબોહવાની અસર વનસ્પતિ અને પ્રાણીજગત પર પણ દેખાય છે. ફૂલો બેસવાં અને ફળો આવવાના સમયમાં ફેરફાર થવા લાગ્યો છે અને પ્રાણીઓની હદમાં ફેરફારો દેખાયો છે.વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ ચેતવણી આપી છે કે મલેરિયા, કૂપોષણ અને જળને કારણે થતા રોગોમાં વધારો થઈ શકે છે.વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધે તે સાથે દરિયામાં તેનું શોષાવાનું પ્રમાણ પણ વધે અને તેના કારણે જળ વધારે ઍસિડિક થઈ શકે છે. તેની વ્યાપક અસર પરવાળા પર થઈ શકે છે.તાપમાન વધવા સાથે એવા ફેરફારો થશે કે ગરમીમાં વધુ વધારો થશે. બરફ ઓગળવા સાથે વધુ મિથેન હવામાં ભળી શકે છે.આ સદીમાં આ પ્રકારનાં પરિવર્તનનો સામનો કરવો તે આપણો સૌથી મોટો પડકાર બની રહેશે.

# ભારતમાં સહિષ્ણુતા અને અસહિષ્ણુતા

સહિષ્ણુતાના પાયામાં સમાનતાનું મૂલ્ય રહેલું છે. ભાષા, ધર્મ, પ્રદેશ, લિંગ અને ભારતમાં જ્ઞાતિ ઈત્યાદિના તફાવતો બાજુ પર રાખીને નાગરિકોનો સમાન ભાવે વિચાર કરીને તેમના અધિકારો સમાજના વિભિન્ન વર્ગો સ્વીકારે, તો તેઓ સહિષ્ણુ છે. એ વિભિન્નતાઓના આધાર પર તેમના પરત્વે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવે તે અસહિષ્ણુતા છે. આમ, અસહિષ્ણુતા અને ભેદભાવભર્યું વર્તન એ એક સિક્કાની બે બાજુઓ છે. આ સંદર્ભમાં સહિષ્ણુતાનો આ અર્થ થશે : મને મારા વિચારો ધરાવવાનો અને વ્યક્ત કરવાનો તથા બીજાને હાનિ ન પહોંચે એ રીતે મારી પસંદગી અને વિચારણા પ્રમાણે જીવવાનો જેટલો અધિકાર છે, તેટલો જ બીજાઓને પણ છે; એ જો હું આચરણ દ્વારા સ્વીકારતો હોઉં તો હું સહિષ્ણુ છું. જો હું અન્યોનો આ અધિકાર ન સ્વીકારું તો હું અસહિષ્ણુ છું. સહિષ્ણુતાનો આ જ અર્થ વિવિધ સમુદાયો અને સંગઠનોને પણ લાગુ પડે છે.પ્રજાકીય સહિષ્ણુતાની બાબતમાં બે અવલોકનો નોંધવાં જરૂરી છે. એક, વ્યક્તિઓ સમાજ બનાવીને જીવી શકે એ માટે સમાજના સભ્યોની વિશાળ બહુમતી સહિષ્ણુ હોય એ એક પૂર્વશરત છે, તેથી દુનિયાના લગભગ બધા જ દેશોમાં પ્રજાની વિશાળ બહુમતી સહિષ્ણુ જ હોય છે. મોટા ભાગના લોકોને પોતાના જીવનમાં રસ હોય છે. બીજાઓ જો તેમાં વિક્ષેપ ન કરતા હોય તો તેઓ બીજાના જીવનમાં દખલ કરવા જતા નથી. વૈવિધ્યની બાબતમાં ભારતમાં સમકક્ષ ગણાય એવા અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં અનેક દેશોના વિભિન્ન ધર્મો પાળતા અને જીવનશૈલી ધરાવતા લોકો શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ ધરાવે છે, તે એ દેશોના નાગરિકોની સહિષ્ણુતાનું સૂચક છે. આ દેશોમાં વિવિધ દેશોમાંથી આવેલા લોકો તેમનાં અર્થતંત્ર, શિક્ષણ અને રાજકારણમાં ગોઠવાઈ ગયા છે.બીજું, મોટા ભાગના સમાજોમાં એક ખૂબ નાની લઘુમતી જ અસહિષ્ણુતા દાખવીને ઉપદ્રવ કરતી હોય છે. એના આત્યંતિક દાખલાઓમાં મુસ્લિમોનાં કેટલાંક કટ્ટરવાદી આતંકી જૂથો અને ભારતમાં નક્સલવાદીઓ છે. તેઓ પોતાની માન્યતાઓ બીજાઓ પર લાદવા માંગે છે અથવા બીજાઓના વિચારો અને જીવનશૈલી સહી શકતા નથી. આમ અસહિષ્ણુતા દાખવતા કિસ્સાઓ છૂટાછવાયા હોય છે.

એના આધારે એમ ન કહી શકાય કે વિશાળ જનસમાજ સહિષ્ણુ હોઈ દેશમાં અસહિષ્ણુતાની કોઈ સમસ્યા જ નથી. આ તર્ક પ્રમાણે વિચારીએ તો દુનિયામાં આતંકવાદની કોઈ સમસ્યા નથી, કેમ કે દુનિયાના બહુ ઓછા દેશોમાં આતંકવાદી ઘટનાઓ ક્યારેક-ક્યારેક જ બને છે.ઉપર્યુક્ત ચર્ચાના સંદર્ભમાં હિંદુઓમાં પ્રવર્તતી સહિષ્ણુતા અને અસહિષ્ણુતાનું વર્ણન હવે આપણે કરીશું.પ્રથમ, દેશની સહિષ્ણુતાનાં ઉદાહરણો લઈએ. ભારતમાં હિંદુઓની સાથે મુસ્લિમો, ખ્રિસ્તીઓ, જૈનો વગેરે અનેક ધર્મોના લોકો વસે છે અને પોતપોતાની રીતે જીવે છે. તેઓ તેમના ધાર્મિક અને સામાજિક પ્રસંગો ઊજવે છે. આ બધા સમુદાયો ઓછાવત્તા પ્રમાણમાં દેશની રાજકીય તેમ જ આર્થિક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે છે. સહિષ્ણુતાને દેશમાં મુસ્લિમોના સંદર્ભમાં તપાસવામાં આવતો હોવાથી આપણે મુસ્લિમોનાં ઉદાહરણ લઈશું. સિનેમાઉદ્યોગ અને ક્રિકેટમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ જોવા મળતા નથી. ખાનત્રિપુટી પર આ દેશના લોકોએ તેમનો ધર્મ જોયા વિના પ્રેમ વરસાવ્યો છે. પ્રજાના રોજબરોજના જીવનમાં, ખાસ કરીને આર્થિક વ્યવહારોમાં મુસ્લિમો પ્રત્યે કોઈ અસહિષ્ણુતા દાખવવામાં આવતી નથી. મુસ્લિમ વેપારીઓ પાસેથી હિંદુઓ માલ ખરીદે છે, મુસ્લિમોની રેસ્ટોરાંમાં હિંદુઓ છૂટથી જાય છે અને રિક્ષાચાલક મુસ્લિમ હોય તો પણ તેમાં બેસે છે. મોટી સંખ્યામાં હિંદુઓ કેટલીક દરગાહોમાં જાય છે અને મુસ્લિમો શક્ય હોય, ત્યાં નવરાત્રિના ગરબામાં સામેલ થતા હોય છે. મુસ્લિમો પણ હિંદુ વેપારીઓ, ડૉક્ટરો, વકીલો વગેરે પાસે જવામાં તેમના સંપ્રદાયનો વિચાર કરતા નથી. અંગત સંબંધો હોય ત્યાં એકબીજાના ત્યાં લગ્ન જેવા પ્રસંગોમાં હાજરી પણ આપતા હોય છે.આની સામે હિંદુ-મુસ્લિમ વચ્ચે અસહિષ્ણુતાના દાખલાઓ પણ છે. હિંદુઓની સોસાયટીઓમાં મુસ્લિમને મકાન ભાડે કે વેચાતું મળવું અતિ મુશ્કેલ છે. ખાનગી ક્ષેત્રે હિંદુઓના ધંધા-ઉદ્યોગોમાં ઉજળિયાત નોકરીઓમાં મુસ્લિમોને અપવાદ રૂપે જ પસંદ કરવામાં આવે છે. હિંદુ છોકરી મુસ્લિમ યુવકને પરણે તે સહી લેવામાં આવતું નથી; પણ હિંદુ છોકરો મુસ્લિમ છોકરીને પરણે તે મોટે ભાગે અસ્વીકાર્ય બનતું નથી. આમ, એકંદરે હિંદુઓ અને મુસ્લિમોની મોટી બહુમતી વચ્ચે સહિષ્ણુતા પ્રવર્તે છે. પ્રસંગોપાત્ત બે કોમો વચ્ચે કોમી રમખાણોના સ્વરૂપે જે અસહિષ્ણુતા ઊપસી આવે છે તે એક નાની લઘુમતીને આભારી હોય છે.

બંને કોમોમાં એકબીજાને ધિક્કારતી હોય એવી વ્યક્તિઓ અને એવાં સંગઠનો છે, જે અસહિષ્ણુતાની સમસ્યા સર્જે છે. આ બધાંનો ઉપયોગ રાજકીય હેતુઓ હાંસલ કરવા માટે રાજકારણીઓ દ્વારા નિષ્ઠુર રીતે થતો હોય છે.હિંદુ-મુસ્લિમો વચ્ચે અસહિષ્ણુતાનો જે પ્રશ્ન છે, તેનાથી સહેજ ઓછો નહીં બલકે વધારે એવો પ્રશ્ન હિંદુઓમાં દલિતો અને અન્ય જ્ઞાતિઓ વચ્ચે છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાંથી હજી અસ્પૃશ્યતા ગઈ નથી. ગામડાંઓમાં દલિતો મંદિરોમાં પ્રવેશી શકતા નથી; ગામડાંમાં હોટલોમાં ચાના કપ દલિતો માટે જુદા રાખવામાં આવે છે; દલિતોને મારઝૂડ કરવાનું અને તેમને મારી નાખવાનું સામાન્ય છે, દલિત છોકરો સવર્ણ જ્ઞાતિની છોકરીને પરણે તો તેણે તેની હત્યા માટે તૈયાર રહેવું પડે. દેશના ઘણા ગ્રામવિસ્તારોમાં દલિતો વરઘોડા કાઢી શકતા નથી.નગર વિસ્તારમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં અસ્પૃશ્યતા ગણનાપાત્ર રીતે ઘટવા પામી છે, પણ નામશેષ થઈ નથી. ખાનગી ક્ષેત્રે ઉજળિયાત નોકરીઓમાં દલિતો શોધવા પડે તેમ છે.

## કર્ણાવતી મેટ્રો

**આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.**

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

"કર્ણાવતી મેટ્રો દૈનિક" કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ મારકેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371







શ્રી ગોરના કુવાવાળી માં ચેહર

શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ

માતાજીના ઉપાસક :

માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ

દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.

શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

977-344-9194 / 875-820-6371

Channel Head:- Manoj Prajapati

KM NEWS ચેનલમાં આપના વિસ્તારની સ્થાનિક સમાસ્યા દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

શૈક્ષણિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સમાચાર દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

અમદાવાદ તેમજ ગુજરાત નાં જિલ્લા માં રીપોર્ટર નીમવાનાં છે.

ટૂંકજ સમય માં અમદાવાદ, ગુજરાત તથા દેશ દુનિયા ની પળ–પળ ની ખબર તમે અમારી ચેનલ માં નિહાળી શકાશે.

KM NEWS Channel
KARNAVATIMETRONEWS.COM

OFF. ADD:- 56/ કાપડીયા એસ્ટેટ રતનપોળ, ગોલવાડ, અમદાવાદ ગુજરાત ૩૮૦૦૦૧.

ખેડૂતોના ખાતામાં રકમ જમા કરાવાઈ છે

# ૩૭૦ નાબૂદ કરી બે સપૂતોએ સરદારના સપનાને પૂર્ણ કર્યું છે

## શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે આર્થિક પછાતપણાના આધારે અનામતનો લાભ આપનારૂ ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૭

૭૧માં પ્રજાસત્તાક પર્વે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વડોદરા જિલ્લાના ડભોઇ ખાતે કોમર્સ કોલેજના મેદાન પર ધ્વજ વંદન કરાવ્યું હતું. એમણે શહીદો અને સ્વતંત્રતા સેનાનીઓ ને આદર અંજલિ આપી હતી અને નાગરિકોને વિશ્વમાં અજોડ ભારતીય બંધારણના અમલીકરણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. એમણે આનંદ વ્યકત કરતા જણાવ્યું કે ખેડૂતોને વાવેતર સમયે આર્થિક મુશ્કેલીઓ અનુભવવી ના પડે એ માટે ભારત સરકારે કિસાન સન્માન નિધીની યોજના અમલમાં મૂકી કિસાનોનું સશક્તિકરણ કર્યુ છે.તેના હેઠળ ગુજરાતના ખેડૂતોના ખાતામાં અંદાજે ત્રણ હજાર કરોડ રૂપિયા અત્યાર સુધીમાં જમા થયા છે. ડભોઇ નજીક વિશ્વની સહુ થી વિરાટ સરદાર પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપનાનો ઉલ્લેખ કરતાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે તેના પગલે ડભોઇને પ્રવાસન વિકાસના લાભો મળશે અને ડભોઇનું નામ વિશ્વ પ્રવાસનના નકશામાં અંકિત થશે. ૩૭૦/૩૫ એની કલમોની નાબૂદીથી સ્વતંત્રતાના ૭૦ વર્ષ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કાશ્મીરને સંપૂર્ણપણે ભારત સાથે જોડ્યું છે એના માટે અભિનંદન આપતાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતના આ બે સપૂતોએ સરદાર સાહેબનું અખંડ ભારતનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે. સીએએનો કાયદો કોઈની નાગરિકતા છીનવવા માટે નથી એવી જાણકારી આપતાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ કાયદાથી પાકિસ્તાન જેવા દેશોમાં અત્યાચારો અને અસુરક્ષાથી ત્રાસીને દેશમાં આવેલા અને શરણાર્થી તરીકે નાગરિક અધિકારોથી વંચિત હાલતમાં જીવતા હિન્દુ, જૈન, શીખ, ખ્રિસ્તી, પારસી સમુદાયોને દેશની નાગરિકતા અને નાગરિક અધિકારો મળ્યા છે.આ કાયદા અંગે ફેલાવવામાં આવી રહેલી ગેર સમજણોથી ગેર માર્ગે ન દોરવાતા ગુજરાતના સવા છ કરોડ લોકો દેશના પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીને પ્રચંડ સમર્થનની અનુભૂતિ કરાવે એવો એમણે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ દેશને વિશ્વમાં નામના મળી છે.મુખ્યમંત્રી વિજય રૂપાણીના સુકાનીપદ હેઠળ ગુજરાતની વિકાસ યાત્રા સતત આગળ વધી રહી છે. વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણમાં ફી માફી અને રાહતના લાભો સહિત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ટેબ્લેટ સહિત અનેકવિધ શિક્ષણ પ્રોત્સાહક લાભો આપવામાં આવી રહ્યા છે. તેમણે વડોદરાની શિક્ષણ,ઉદ્યોગો સહિતની બહુ ક્ષેત્રીય પ્રગતિને બિરદાવી હતી અને વિકાસમાં યોગદાન માટે કર્મયોગીઓને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે દિવ્યાંગોએ શિવ તાંડવ નૃત્ય, બાળકોએ યોગ નિદર્શન,પોલ મલખંભ ના કરતબો,ઓપરેશન શૌર્યનું રોમાંચક નિદર્શન સહિતના બેનમૂન સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ કાર્યક્રમો અને પ્રજાસત્તાક પર્વની નમૂનેદાર ઉજવણી માટે નાયબ મુખ્યમંત્રીએ શાલિની અગ્રવાલ અને ટીમ વડોદરાને અભિનંદન આપવાની સાથે કલેકટરના નેતૃત્વ હેઠળ જિલ્લાના વિકાસની થઈ રહેલી કાર્યની પ્રસંશા કરી હતી.

## જલારામ બાપાના ચિંધેલા રસ્તે ગુજરાત આગળ વધ્યું

અમદાવાદ,તા.૨૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકોટ જિલ્લાના વીરપુર ખાતેની જલારામ બાપાની સુપ્રસિદ્ધ સદાવ્રત જગ્યામાં માનસ મર્મજ્ઞ મોરારી બાપુ ની રામકથાની પૂર્ણાહુતિ પ્રસંગે દર્શન અને આરતી કરી ધન્યતા અનુભવી હતી. રામકથામાં મોરારી બાપુના આશીર્વાદ લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભકતો સેવકોને દેશ અને ગુજરાતની માનવ અને જીવ માત્રના કલ્યાણની સંસ્કૃતિની વાત કરતા જણાવ્યું હતું કે, જલારામબાપા, નરસિંહ મહેતા, સ્વામિનારાયણ ભગવાન સહિતના સંતોએ ચીંધેલા માનવ કલ્યાણનાં માર્ગે ગુજરાત આગળ વધ્યું છે. ગુજરાત મહાત્મા ગાંધીનું છે, સરદાર સાહેબનું છે. મોરારીબાપુનું પણ છે તેમ જણાવીને ગુજરાત સંસ્કારી અને કરુણા તેમજ કોઈ ભૂખ્યું ન રહે તેવી માનવતાવાળુ છે અને રહેશે, તેનું આપણને ગૌરવ છે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ પ્રજાસત્તાક પર્વની સૌને શુભકામના પાઠવી અંતમાં કહ્યું કે મને આ કથામાં સહભાગી કરવા બદલ કથાના આયોજક પરિવારનો આભાર માની કથામાં આરતી દર્શન કર્યા અંગે ધન્યતાની લાગણી અનુભવી હતી. અન્નક્ષેત્ર દ્વિશતાબ્દી મહોત્સવ રામ-કથા પ્રસંગે આરતીમાં મુખ્યમંત્રી સાથે તેમના ધર્મપત્ની અંજલી રૂપાણી પણ સહભાગી થયા હતા.



પ્રજાસત્તાક દિને તા.૨૬મી જાન્યુઆરી જ શહેરના શાહીબાગ ખાતેના શહીદ સ્મારક પાસે હજારો માજી સૈનિકો અને શહીદ જવાનોના પરિવારજનોએ વિવિધ ૧૪ માંગણીઓને લઇ ધરણાં યોજ્યા હતા.

# ૧૭ વર્ષ બાદ માણેકચોકનું ખાણીપીણી બજાર બંધ થયુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા. ૨૭

આજથી પાંચ દિવસ માટે અમદાવાદીઓ માણેકચોકના ખાણી-પીણીના બજારનો સ્વાદ નહીં માણી શકે. માણેકચોકમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૨૫ કરોડના ખર્ચે વર્ષો બાદ નવો રોડ બનાવવાની કામગારી હાથ ધરવામાં આવનાર છે. જેને લઈ આ ખાણી-પીણી બજાર પાંચ દિવસ પૂરતું બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અલબત્ત, રસ્તાનું કામ રાત્રે કરવાનું હોવાથી દિવસ દરમિયાન માણેકચોક બજારની દુકાનો ખુલ્લી રહેશે. બાદમાં, રાત્રે રોડ અને સમારકામની કામગીરી ચાલું રહેશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ વખતે પણ માણેકચોકની ખાણીપીણી બજાર બંધ કરવામાં આવી હતી. એક તરફ અમદાવાદમાં રાત્રે ખાણીપીણી માટે જાણીતા એવા લો ગાર્ડન ખાણી-પીણી બજાર એક વર્ષથી બંધ છે. ત્યારે ૧૭ વર્ષ બાદ હવે ફરી એકવાર માણેકચોક ખાણીપીણી બજાર પણ આજથી પાંચ દિવસ માટે બંધ રહેશે. જેથી અમદાવાદીઓએ અન્ય ખાણી-પીણી બજારમાં જવું પડશે. વર્ષો બાદ માણેકચોકના અને ખાડિયા વોર્ડમાં રોડ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જેથી માણેકચોક બજાર રાત્રિના સમય બંધ રાખવામાં આવશે. જો કે, સ્થાનિક વેપારીઓએ પણ રાત્રિના સમયે ખાણીપીણી બંધ રાખવાના અમ્યુકોના નિર્ણયને સમર્થન આપ્યું છે.

ઝાડા ઉલ્ટીના ૨૫ દિવસમાં ૨૮૬ કેસો નોંધાયા

# અમદાવાદમાં ડેન્ગ્યુના ૨૫ દિવસમાં ૭૯ કેસો નોંધાયા

## ટાઈફોઈડના નવા વર્ષમાં ૧૬૪, કમળાના ૧૫૧ મામલા

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસમાં નવા વર્ષમાં પણ કેસો નોંધાયા છે. સાદા મેલેરિયાના નવા વર્ષમાં ૧૬થી વધુ કેસ અને ડેંગ્યુના ૭૯થી વધુ કેસ નોંધાયા છે.

માત્ર ૨૫ દિવસના ગાળામાં જ ડેંગ્યુના ૭૯થી વધુ કેસો સપાટી ઉપર આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તીવ્ર ઠંડીમાં પણ ડેંગ્યુનો આતંક જારી રહ્યો છે. બીજી બાજુ પાણીજન્ય કેસોની વાત કરવામાં આવે તો ૨૫ દિવસના ગાળામાં ઝાડા-ઉલ્ટીના ૨૮૬ અને કમળાના ૧૫૧ કેસ સપાટી ઉપર આવ્યા છે. ટાઈફોઈડના ૧૬૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. રોગચાળાના કેસોને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં નવા કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. ડિસેમ્બર મહિનામાં પણ મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. આંકડા પર નજર કરવામાં આવે તો ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ૭૯૩ કેસો નોંધાતા ખળભળાટ મચી ગયો હતો. પહેલીથી ૩૦મી નવેમ્બર વચ્ચેના ગાળામાં ડેંગ્યુના ૭૯૩ કેસો નોંધાયા હતા. ૨૦૧૮માં ડેંગ્યુના ૩૩૨ કેસ નોંધાયા હતા જેની સામે આંકડો ૨૦૧૯માં પહેલાથી જ બે ગણો થઈ ચુક્યો હતો અને આંકડો ૭૯૩ ઉપર તો નવેમ્બરના અંત સુધી જ પહોંચી ગયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાને રોકવા માટે ઝડપથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૨૫ ક્લોરિન ટેસ્ટ આ ગાળા દરમિયાન કરવામાં આવ્યા છે. ઉપરાંત ક્લોરિન ગોળીઓનું વિતરણ, પાણીના નમૂનાની તપાસ કરાઈ છે. બેક્ટેરિયોલોજીકલ તપાસ માટે હજારોની સંખ્યામાં પાણીના નમૂના લેવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા પગલા લેવાયા છે. જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન ૧૨૦૯૬૯ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા જેની સામે ૨૫મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૭૪૪૧૨ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન લીધેલા ૨૭૮૬ સિરમ સેમ્પલોની સામે ૨૫મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૧૫૧૯ સિરમ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી. ઠંડીના દિવસોમાં સાવચેતી રાખવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે.

# હેલ્મેટને ફરીવખત ફરજિયાત કરવાની તૈયારી : લોકોમાં ચર્ચા

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં હેલ્મેટ મરજિયાત કરવાના મામલે રાજય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમયાન પલ્ટી મારવામાં આવી હતી અને સરકારે યુ ટર્ન લેતાં એવો બચાવ રજૂ કર્યો હતો કે, હેલ્મેટનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ કરાયો છે, રદ કરાયો નથી. સરકારે સોગંદનામું રજૂ કરીને ગુજરાતમાં હેલ્મેટ પહેરવું મરજીયાત નથી કરાયું, ફરજિયાત જ છે. સરકારે એમ પણ સ્પષ્ટ કર્યુ કે, પાછળ બેસનારે પણ હેલમેટ પહેરવું ફરજિયાત છે. સરકારના સોગંદનામા બાદ હાઈકોર્ટે રાજયના ટ્રાન્સપોર્ટ સચિવને આ કેસમાં જરૂરી એફિડેવીટ રજૂ કરવા આદેશ કર્યો હતો. સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટ ૨૦૧૯ના વિરુદ્ધમાં ગુજરાત સરકાર દ્વારા જનતાને શહેરી વિસ્તારમાં હેલ્મેટ પેહરવામાંથી મુક્તિ આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે બનાવેલા કાયદામાં સેક્શન-૧૨૯ મુજબ હેલ્મેટ ફરજિયાત છે, પરંતુ રાજ્ય સરકારે લોકલાગણીને ધ્યાનમાં લઈ આ જોગવાઈનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો હતો. જેને પગલે રાજયભરના પ્રજાજનોને હેલ્મેટ પહેરવામાંથી મુકિત અને રાહત મળી હતી. દરમ્યાન હાઈકોર્ટ સમક્ષ હેલ્મેટ મામલે થયેલી જાહેરહિતની રિટ અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, કોઈપણ રાજ્ય તરફથી કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા કાયદો બદલી શકાય નહીં. જો કોઈ રાજય સરકારે પાર્લામેન્ટ દ્વારા બનાવવામાં આવેલા કાયદામાં ફેરફાર કરવું હોય તો ભારતના બંધારણના અનુચ્છેદ-૨૫૪(૨) મુજબ રાજ્ય વિધાન સભામાં પસાર થયેલા કાયદો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવાનો હોય છે. જેમાં રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ નોટિફિકેશન બહાર પાડીને કાયદો અમલમાં મુકાય છે. પણ અહિંયા ગુજરાત સરકારે આ પ્રકારની કોઈપણ કાર્યવાહી કર્યા વગર જ રાજકીય હેતુ માટે શહેરી વિસ્તારમાં હેલ્મેટ પહેરવું મરજીયાત કરી દીધું હતું. સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ સેક્શન ૧૨૯ મુજબ ટુ વ્હીલર ચલાવનાર અને પાછળ બેસનાર વ્યક્તિ બંનેએ ફરજીયાત હેલ્મેટ પેહારવાનું હોય છે. જેમાંથી ૪ વર્ષ સુધીના બાળકો અને શીખ સમુદાયને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવેલી છે. જે નિયમમાં સુધારો કરીને રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯માં ટુ વ્હીલર પાછળ બેસવાવાળી મહિલા અને ૧૨ વર્ષ નીચેના બાળકોને હેલ્મેટ પેહરવામાંથી મુક્તિ આપવામાં આવેલી છે. અન્ય રાજ્યોમાં જયારે વાહન ચાલકોની સુરક્ષા હેતુ વાહન ચાલક અને પાછળ બેસવા વાળા બંનેને હેલ્મેટ ફરજીયાત હોઈ છે,

૪૫૨૯૪ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે

# યુનિવર્સિટીનો પદવીદાન....

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૨૭

ગુજરાત યુનિવર્સિટીનો ૬૮મો પદવીદાન સમારંભ ૨૯ જાન્યુઆરીના રોજ ગુજરાત રાજ્યના માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્તાને સવારે ૧૧.૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના સેનેટહૉલ ખાતે યોજવામાં આવશે. આ પદવી દાન સમારંભમાં ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સંશોધન અને વિકાસ વિભાગના સચિવ તેમજ ડીઆરડીઓના ચેરમેન ડૉ. જી સતીષ રેડ્ડી ખાસ ઉપસ્થિત રહેશે. ગુજરાત યુનિવર્સિટીના ૬૮માં પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ઉચ્ચ અને તકનીકી શિક્ષણના અગ્રસચિવ અંજુ શર્મા ઉપસ્થિત રહેશે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યા, ઉપકુલપતિ ડૉ. જગદીશ ભાવસાર, યુનિવર્સિટીકોર્ટના સન્માનનીય સદસ્યો, દાતાઓ, મેડલ પ્રાપ્ત કરનાર છાત્ર-છાત્રાઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહેશે. ૬૮માં વાર્ષિક પદવીદાન સમારોહમાં વિદ્યાશાખાવાર અર્પણ થનાર પદવી-ડિપ્લોમા પ્રમાણપત્રોની કુલ સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

એનાયત થનાર કુલ પદવી

| | |
|---|---|
| વિનયન વિદ્યાશાખા | ૮૬૦૦ |
| વિજ્ઞાન વિદ્યાશાખા | ૫૯૫૧ |
| ઈજનેરી વિદ્યાશાખા | ૨૩૨ |
| કાયદા વિદ્યાશાખા | ૧૫૩૭ |
| તબીબી વિદ્યાશાખા | ૧૭૪૦ |
| વાણિજ્ય વિદ્યાશાખા | ૨૩૭૬૫ |
| દંત વિજ્ઞાન વિદ્યાશાખા | ૫૨૦ |
| ફાર્મસી વિદ્યાશાખા | ૦૧ |
| શિક્ષણ વિદ્યાશાખા | ૨૯૪૮ |
| કુલ | ૪૫૨૯૪ |

IPFL સ્વિસ-નિરમા યુનિ.સાથે જોડાણમાં પહેલ

# આઈજીએલયુએસ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્ઘાટન

## સીટી પહેલો સંદર્ભે માહિતી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પ્રેક્ટીસનું આદાનપ્રદાન કરવા માટેની સુવિધા આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા. ૨૭

સ્માર્ટ સીટી લેબ આઈજીએલયુએસ સેન્ટર ઓફ એક્સલન્સ (આઈસીઈ)નું આજે ગીફ્ટ સીટીમાં ઉદ્ઘાટન થયું હતું. ઈપીએફએલ સાથે જોડાણમાં જીઆઈએફટીસીએલ દ્વારા શરૂ કરવામાં આવેલું આ સેન્ટર દુનિયાભરમાં સ્માર્ટ સીટીની પહેલો વિશે જાણકારીનું આદાનપ્રદાન કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પ્રેક્ટિસ માટે પ્લેટફોર્મ તરીકે કામ કરશે. ગીફ્ટ સીટી ભારતનું પ્રથમ કાર્યરત થયેલું સ્માર્ટ સિટી હોવાથી આઈસીઈ પણ પર્યાવરણને અનુકૂળ શહેરી આયોજનનાં ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરનાં નિષ્ણાતો અને પ્રેક્ટિશનર્સ માટે સામાન્ય કેન્દ્ર તરીકે પણ કામ કરશે. ગીફ્ટ સીટીનાં એમડી અને ગ્રૂપ સીઈઓ શ્રી તપન રેએ, પ્રોફેસર ઈપીએફએલમાં સ્વિસ પોસ્ટ ચેર ફિંજર મેટ્ઠહિયાસ, નિરમા યુનિવર્સિટીનાં ડાયરેક્ટર જનરલ ડો. અનુપ કે સિંહએ ગીફ્ટ સીટીમાં આઈસીઈનાં ઈન્ક્યુબેશન માટેની પ્રક્રિયા શરૂ કરવા સમજૂતીકરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. આ અંગે ગિફ્ટ સિટીનાં એમડી અને ગ્રૂપ સીઈઓ શ્રી તપન રેએ જણાવ્યું હતું કે, અમને ગિફ્ટ સિટીમાં આઈજીએલયુએસ-સેન્ટર ઓફ એક્સલન્સ શરૂ થયાની ખુશી છે. ઈપીએફએલ અને નિરમા યુનિવર્સિટી સાથે અમે સ્માર્ટ સિટી વિશે માહિતી વહેંચવા અને આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પ્રેક્ટિસ વધારવા ખભેખભો મિલાવીને કામ કરીશું. ભારતનાં સૌપ્રથમ સ્માર્ટ સિટી તરીકે ગિફ્ટ સિટીમાં વિકાસશીલ દેશોનાં સંદર્ભમાં સ્માર્ટ અને પર્યાવરણને અનુકૂળ શહેરી આયોજનનાં અમલને વધારે આગળ ધપાવવા સામાન્ય પ્લેટફોર્મ સ્થાપિત કરવું જરૂરી છે. આઈસીઈનાં પક્ષો વચ્ચે સ્માર્ટ સીટીઝ પર વિચારોનું આદાનપ્રદાન કરવા અને શ્રેષ્ઠ પ્રેક્ટિસ વહેંચવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરવા ઉપરાંત આ સેન્ટર એના આંતરરાષ્ટ્રીય નેટવર્કમાંથી નિષ્ણાતોને એકબીજા સાથે જોડશે, સ્માર્ટ સિટી કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડશે તથા સ્માર્ટ સિટીનાં વિવિધ મુદ્દાઓ પર સંયુકતપણે કાર્યક્રમો/કોન્ફરન્સ/વર્કશોપ યોજશે અને પ્રાદેશિક તાલીમ માટેનું આયોજન કરશે. આ સેન્ટર પર પોતાનાં વિચારો વહેંચતા ઈપીએફએલમાં સ્વિસ પોસ્ટ ચેર પ્રોફેસર ફિંજર મેટ્ઠહિયાસે કહ્યું હતું કે, આઈજીએલયુએસ લાંબા સમયથી સ્માર્ટ સીટીની વિભાવનાઓ માટે સક્ષમ પાર્ટનરની શોધ કરતું હતું અને અમને નિરમા યુનિવર્સિટી સાથે ગિફ્ટ સિટી સ્વરૂપે આ પાર્ટનર મળી ગયા છે. અમે નક્કર અનુભવોમાંથી શીખવા આતુર છીએ,

જેથી અમને વધારે નવું શીખવા મળે અને ગીફ્ટ સીટી, ભારત અને દુનિયામાં અન્ય સ્માર્ટ સીટીઓનાં લાભ માટે નવો અભિગમ અપનાવવા મળે. આ સેન્ટરનાં ઉદ્ઘાટન પ્રસંગે આઈસીઈ દ્વારા ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦નાં રોજ નિરમા યુનિવર્સિટીમાં પ્રથમ કોન્ફરન્સ પ્લાનિંગ ફોર સસ્ટેઇનેબલ એન્ડ સ્માર્ટ સિટીઝ ઈન ઈન્ડિયાનું આયોજન કર્યું છે.




૨૬મી જાન્યુઆરીના દિવસે ગુજરાતના રાજકોટ ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

## ૭૧માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાઈ

# ગૌરવશાળી ધૂન-પુષ્પ વર્ષા વચ્ચે રાષ્ટ્રધ્વજ લહેરાવાયો

## રાજ્યપાલ દેવવ્રતે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો : રૂપાણીએ ગરવા ગુજરાતીઓનું કરેલું અભિવાદન : ભવ્ય પરેડનું આયોજન

અમદાવાદ,

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ૭૧મા પ્રજાસત્તાક પર્વના મંગળ પ્રભાતે, પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સુરાવલીઓ અને ભારતીય વાયુદળના હેલિકોપ્ટોરમાંથી પુષ્પએ પાંખડીઓની વર્ષા અને દેશભક્તિની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. ગણતંત્ર દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્રપ્રેમથી તરબતર હજારોની સંખ્યામાં રંગીલા રાજકોટના નગરજનો રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયાં હતા. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી સાથે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ત્યાર બાદ રાજયપાલ અને મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં પરેડનું નીરીક્ષણ પણ કર્યું હતું. મુખ્યમંત્રીના રાજકોટના આંગણે ગણતંત્ર પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્યના જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરીને પ્રજાશક્તિને સહભાગીદાર બનાવવાના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી રાજકોટના આંગણે યોજાઈ હતી. રાજકોટની નવ શાળાઓના ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓના વિશાળ વંદે આત્માની ચેતનાનું શારીરિક બળ સાથે ભારતીય યોગ પરંપરાના વારસારૂપ કરતબો,સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને આ સમારોહમાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત ૧૧૦૦ વિધાર્થીઓ દ્વારા યોગ નિદર્શન કરાયું હતું. સંસ્કારધામનાબાળકોએ પાઈપલાઈન બેન્ડની કૃતિ પણ રજૂ કરી હતી. ૨૮ પ્લાટુનમાં ૯૨૨ જેટલા પોલીસદળના જવાનોએ આઈ.પી.એસ અધિકારી અને પરેડ કમાન્ડન્ટ પ્રવીણકુમારના નેતૃત્વમાં પરેડ યોજાઈ હતી.પોલીસ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચ પાસ્ટ) ગણવેશધારી ટૂકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદથી પોલીસ જવાનોની શિસ્તબદ્ધતાને વધાવી લીધી હતી. શ્વાન દળ અને પોલીસના મહિલા અને પુરૂષ મોટર સાઈકલ સવારો દ્વારા હેરતભર્યા કરતબો નિહાળી રાજકોટવાસીઓ મંત્રમુગ્ધ બન્યાં હતા.પોલીસ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાઈફલ ડ્રીલ, હેરતભર્યા મોટર સાઈકલ સ્ટંટ શો, જુડો, કરાટે જીમ્નાસ્ટીક, ડોગ શો, અશ્વ શો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે રાજય સરકારના વિવિધ વિભાગોના તથા રાજયની વિકાસયાત્રાની ઝાંખી કરાવતા અને શૈક્ષણિક સંસ્થાના ૨૫ ટેબ્લો રજૂ કરાયા હતા. પ્રજાસત્તાક પર્વની ઉજવણી સમયે ઉપસ્થિત રહેલા સ્વાતંત્ર્યસેનાનીઓનું મુખ્યમંત્રીએ સન્માન કરી પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે પરેડમાં પ્લાટુન નં-૬ એસ.આર.પી.પુરૂષ પ્લાટુન નં-૨ પ્રથમ, બીજા ક્રમે પ્લાટુન નં-૧૬ સમસ્ત ગુજરાત પોલીસ મહિલા અને ત્રીજા ક્રમે પ્લાટુન નં-૨૨ એન.એસ.એસ. (શિક્ષણ) મહિલા/પુરૂષ આવતા રાજયપાલના હસ્તે રનીંગ ટોફી એનાયત કરાયા હતા. જયારે ટેબ્લોમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો પ્રથમ ક્રમ, રમત-ગમત તથા યુવક સાંસ્કૃતિક વિભાગનો બીજો ક્રમ અને કૃષિ બાગાયત વિભાગના પ્રાકૃતિ ખેતિના ટેબ્લોનો ત્રીજો ક્રમ આવેલ છે. મોટર સાયકલ સ્ટંટ શોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસકર્મી કુંદનબેન પટેલ, તેજસબેન વસાવા, જયવંતસિંહ સોલંકી અને જગદીશભાઇને રાજ્યપાલએ સન્માનીત કર્યા હતા.

## પાટણ શેરની નાર, પટોળાએ પ્રભાવિત કર્યું

# દિલ્હીની પરેડમાં રાનીની વાવના ટેબ્લોનું આકર્ષણ

અમદાવાદ,

ગુજરાતની રાણીની વાવ અને પાટણ શેરની નારે નવી દિલ્હીના રાજમાર્ગ પર હકડેઠઠ ઉમટી પડેલા રાજધાનીવાસીઓને ભારે પ્રભાવિત કર્યા હતા. ૭૧મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજય તરફથી પાટણની રાણીની વાવ-જલ મંદિરનો ટેબ્લો પ્રસ્તુત થયો હતો. ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ રામનાથ કોવિંદ, પરેડના મુખ્ય મહેમાન બ્રાઝિલ સંઘીય ગણતંત્રના રાષ્ટ્રપતિ મહામહિમ જાઈખ મેસીઆસ બોલ્સોનારો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈય્યાહ નાયડુની ઉપસ્થિતિમાં યોજાયેલી પરેડમાં ગુજરાતના કળાત્મક ટેબ્લો એ ભારે આકર્ષણ ઉભું કર્યું હતું.

રાષ્ટ્રના પ્રજાસત્તાક દિવસની નવી દિલ્હીમાં યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજય તરફથી 'રાણીની વાવ : જલ મંદિર'નો ટેબ્લો પ્રસ્તુત થયો હતો. ગુજરાતના ગૌરવ સમી રાણીની વાવને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજજો આપીને તેનું મહત્વ સ્વીકાર્યું છે. સભ્યતા-સંસ્કૃતિ અને અદભૂત કળાના સમન્વય સમી રાણીની વાવ ગુજરાતની જળસંચયની બેનમૂન પરંપરાનું ઉદાહરણ છે. ગુજરાતની આ ભવ્ય વિરાસતને તાદશ કરતો ટેબ્લો રાષ્ટ્રીય પરેડમાં સમગ્ર રાષ્ટ્ર માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. દેશના જુદા-જુદા ૧૬ રાજયોના ટેબ્લો અને ભારત સરકારના ૬ વિભાગોના ટેબ્લો આ પરેડમાં રજૂ થયા હતા. આ ટેબ્લોમાં રાણીની વાવની ભવ્યતાને કલાત્મક રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી. ફાઈબર મટિરિયલ છતાં પથ્થરોમાં કંડારાયેલી હોય એવી આબેહૂબ પ્રતિમાઓથી ટેબ્લો દીપી ઉઠ્યો હતો. જળસ્ત્રોતનું મહત્વ દર્શાવવા ટેબ્લોના અગ્ર ભાગમાં પાણી ભરેલાં માટલાં સાથેની ગ્રામીણ ગુજરાતણનું વિશાળ શિલ્પ મુકવામાં આવ્યું હતું. રાણીની વાવ માં શેષ શૈયા પર બિરાજમાન ભગવાન વિષ્ણુનું શિલ્પ મુખ્ય છે. શિલ્પની પ્રતિકૃતિ પણ ટેબ્લોના અગ્રભાગને શોભાવી રહી હતી.

## નીતિન પટેલના હસ્તે સેવા સદનનું લોકાર્પણ

# વાઘોડિયામાં એસટી સ્ટેન્ડનું વિધિવતરીતે ખાતમુર્હૂત થયું

## સીએએ કાયદા સંદર્ભે વારંવાર સ્પષ્ટતા છતાં કોંગ્રેસીઓ તથા કટ્ટરપંથી કાગરોડ મચાવી રહ્યા છે : નાયબ મુખ્યમંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૭

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે વડોદરા જિલ્લાના શિનોર ખાતે લોકસુવિધામાં ઉમેરો કરતું ૦૬.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત તાલુકા સેવા સદનનું લોકાર્પણ અને વાઘોડિયા ખાતે ૨.૨૫ કરોડના આકાર પામનાર અદ્યતન એસટી બસ સ્ટેન્ડનું ખાત મુહૂર્ત/તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. રાજય સરકારના આ પ્રકલ્પોથી આંતરમાળખા અને લોક સુવિધા વિકસાવવામાં એક નવો વેગ મળશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, કોંગ્રેસના શાસનકાળમાં જનતાના ટેક્સના પૈસાની ખુલ્લી લૂંટ ચાલતી હતી. ભ્રષ્ટ્રાચારીઓ માટે સરકારની તિજોરીઓના બારણા ખૂલ્લા હતા. દુષ્કાળ જેવી કપરી સ્થિતિમાં પણ ટેન્કરથી પાણી વિતરણમાં પણ ખૂબ મોટો ભ્રષ્ટ્રાચાર થતો હતો. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજાના વિકાસ અને લોક કલ્યાણના અનેક કર્યો કરી અને સુચારૂ નાણાંકીય વ્યવસ્થાપન પૂરુ પાડી ગુજરાતને સમૃદ્ધિની નવી ઉંચાઈએ પહોચાડ્યું છે. પ્રવર્તમાન સમયમાં રાજય સરકારનું બજેટ ૦૨ લાખ ૦૪ હજાર કરોડના સુધી પહોચ્યું છે. તેમાથી આજે રોડ-રસ્તા, આરોગ્ય, વીજળી, નર્મદા યોજના, ઓવરબ્રીજ સહિતના વિકાસના અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. આ રાજ્ય સરકારના પારદર્શક અને પ્રમાણિક વહીવટના કારણે આ સંભવ બન્યું છે. નાગરિકતા કાયદા અંગે પટેલે જણાવ્યું કે, સીએએ કાયદા અંગે સામાન્ય વ્યક્તિને પણ સમજમાં આવે તેવા મુદ્દે કોંગ્રેસીઓ, સામ્યવાદીઓ અને કટ્ટરપંથીઓએ દેશભરમાં કાળરોળ મચાવી છે.સીએએનો કાયદોથી દેશના કોઈ પણ નાગરિકની છીનવાતી નથી. પરંતુ પાકિસ્તાન, બાંગ્લાદેશથી ધાર્મિક રીતે ઉત્પડીત શરણાર્થીઓને નાગરિકા આપે છે. વર્ષોની કોંગ્રેસની વોટબેંકની રાજનીતિના કારણે હિન્દુ, શીખ, ખ્રિસ્તી વગેરે શરણાર્થીઓ નાગરિકતા વિહોણા હતા. ત્યારે કેન્દ્ર સરકાર, વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહએ ૧૯૪૭માં દેશના ભાગલાં વખતે પાકિસ્તાનમાં રહેલા અને લૂંટ, હિંસા અને બળાત્કાર ભોગ બનેલા તેમજ પોતાની ધન સંપત્તિ છોડીને ઈજ્જત આબરૂ બચાવવા માટે શર્ણાર્થી બનીને આવેલા હિન્દુ, શીખ, ખ્રિસ્તિ વગેરેને નાગરિકતા આપવની છે. પ્રધાનમંત્રી મોદી અને ગૃહમંત્રી શાહે વારંવાર સીએએના કાયદા અંગે સ્પષ્ટતા કરી છે કે, સીએએનો કાયદો દેશના નાગરિકોને પ્રભાવિત કરતો નથી છતા કેટલાંક તત્વો રાજકીય ફાયદો ઉઠાવવાનો પ્રયત્નો કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી પટેલે સીએએ ઉપસ્થિત સૌ કોઈને સીએએ કાયદાને પ્રતિજ્ઞાપૂર્વક સમર્થન કરવા અપીલ કરી હતી. કોંગ્રેસની વોટબેંક પ્રેરિત રાજનીતિના કારણે દેશને ઘણું સહન કરવું પડ્યું છે.કોગ્રેસે ગુજરાત અને દેશમાં ઘણા વર્ષો સુધી શાસન કર્યું છે.આ શાસનકાળ દરમિયાન મતોના રાજકારણ માટે અનેકાનેક બાંગ્લાદેશીઓને રાશનકાર્ડ સહિતના લાભ આપ્યા. ત્યારે જો હિન્દુ શીખ, ખ્રિસ્તીઓને નાગરિકાતા આપવામાં આવશે તો ધર્મ વિશેષના લોકો તેમનાથી રિસાઈ જશે તેવા ભયના લીધે કોંગ્રેસ ખોટી કાગરોળ મચાવી રહી છે.

સરકારે કેવડીયા ખાતે સરદાર સાહેબની વિશ્વની સૌથી મોટી પ્રતિમા બનાવી છે ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનીટી એનઆરઆઈ સહિતના પ્રવાસીઓનું પસંદગીનું સ્થળ બની ગયું છે. એક દિવસમાં સરેરાશ ૧૫૦૦૦ પ્રવાસીઓ મુલાકાત લઈ રહ્યા છે. તેમજ તહેવારોના દિવસોમાં તો આંક ૨૫૦૦૦થી ૩૦૦૦૦ હજારે પહોંચી જાય છે. આમ પ્રવાસનને એક નવો વેગ મળ્યો છે. તેમ નાયબ મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું.

## પોષણ અભિયાનને જનઆંદોલન બનાવવા જરૂર

# ૨૦૨૧ સુધી બધા બાળકોને સુપોષિત કરવા માટેનું વચન

## ૨૦૨૧ સુધી રાજ્યની બધી આંગણવાડીઓમાં એક પણ બાળક કુપોષિત ન હોય તેવી રૂપાણીએ દર્શાવેલ કટિબદ્ધતા

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગામી પ્રજાસત્તાક પર્વ તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં રાજ્યની આંગણવાડીઓમાં એક પણ બાળક કુપોષિત ન હોય તેવી પ્રતિબદ્ધતા સાથે પોષણ અભિયાનને જનઆંદોલન બનાવવાનું આહવાન કર્યુ છે. રાજ્યના બાળકોને સુપોષિત કરવાના સર્વગ્રાહી ઉદ્દેશ્યથી યોજાઇ રહેલા પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત હાથ ધરાનારા બહુવિધ કાર્યક્રમો અંગે મુખ્યમંત્રીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યભરના જિલ્લા-મહાનગર અને નગરોના પદાધિકારીઓ, અધિકારીઓ અને આંગણવાડી કાર્યકરોને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતીમાં પ્રેરણાદાયી માર્ગદર્શન પુરૂં પાડયુંહતું. આ પોષણ અભિયાનનો પ્રારંભ તા.૨૩ જાન્યુઆરીએ આદિજાતિ પ્રભુત્વ ધરાવતા વિસ્તાર દાહોદથી મુખ્યમંત્રીએ કરાવેલો છે. હવે, આગામી તા. ૩૦,૩૧ જાન્યુઆરી અને તા.૧ ફેબ્રુઆરી દરમિયાન જિલ્લાઓ, મહાનગરો અને નગરોમાં આ અભિયાન અન્વયે વાતાવરણ નિર્માણ અને 'સુપોષણયુકત ગુજરાત'ના સંકલ્પ સાથે ૧૩૦૨ કાર્યક્રમો શરૂ થવાના છે. તદઅનુસાર, જિલ્લા પંચાયત બેઠક દિઠ ૧૦૯૮, મહાનગરપાલિકાઓમાં વિધાનસભા બેઠક દીઠ ૧ એમ કુલ ૪૨ અને નગરપાલિકા દીઠ ૧ એમ કુલ ૧૬૨ કાર્યક્રમો દ્વારા સમગ્ર રાજયમાં જનઅભિયાન હાથ ધરાશે. મુખ્યમંત્રીએ આ અભિયાન સંદર્ભે કહ્યુ કે, આગામી પ્રજાસત્તાક દિવસ તા.૨૬ જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં પરિણામલક્ષી કામગીરી ઉપાડીને ગુજરાતને અન્ય ક્ષેત્રોમાં દેશમાં અગ્રેસરતાની જેમ કુપોષણમુકતીમાં પણ અગ્રેસર બનાવવુ છે. આ હેતુસર વિજય રૂપાણીએ રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષની વયજુથના ૩૫.૫૨ લાખ બાળકો પૈકીના અતિ નબળા અલ્પપોષિત બાળકોના પોષણની સ્વૈચ્છિક જવાબદારી સમાજવર્ગો, સેવાભાવી સંસ્થાઓ, એનજીઓ પાલક વાલી બની ઉપાડે અને 'એક પાલક એક બાલક'ના ઉદાત્ત અભિગમથી આવા બાળકની સારસંભાળ દેખરેખ રાખે તેવું પ્રેરક સુચન પણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ પાલક વાલીની પહેલ કરતાં જાહેર કર્યુ કે તેમના મત વિસ્તારની આંગણવાડીના કોઈ એક અતિ નબળા અલ્પપોષિત બાળકના તેઓ સ્વયં પાલક વાલી બનશે. વિજય રૂપાણીએ પાલક વાલી તરીકે આંગણવાડીમાં જઈને બાળકના આરોગ્ય, પોષણની ચિંતા સાથોસાથ વધારાની સારવારની કોઈ આવશ્કયતા હોય તો તેની વ્યવસ્થા પણ કરવાનું દાયિત્વ નિભાવવાનો અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યુ કે, સમાજ સેવા – સમાજ દાયિત્વથી જેમને સમાજ પ્રત્યેનું ઋણ ચુકવવું છે તેવા વર્ગો-વ્યકિતઓ માટે આ પોષણ અભિયાન એક ઉત્તમ અવસર છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, પોષણયુકત ગુજરાત એ સરકારના મહિલા-બાળકલ્યાણ વિભાગની જ નહિ સમગ્ર તંત્રના બધા વિભાગોની સહિયારી જવાબદારી છે. જેમ કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવનું અભિયાન સફળતાપૂર્વક આપણે પાર પાડયુ છે તેમ ગુજરાતના ભાવિને સુરક્ષિત રાખવા સાથે -સક્ષમ રાષ્ટ્રનિર્માણ માટે આ પોષણ અભિયાન પણ સૌના સહયોગથી આપણે સાકાર કરવું છે'' એમ પણ તેમણે ઉમેર્યુ હતું. તેમણે એનિમીક કન્ડીશનયુકત કિશોરીઓને લોહતત્વયુકત આહાર-દવાઓ, સગર્ભા માતાઓને પોષણક્ષમ આહાર તેમજ આંગણવાડીઓના ભુલકાંઓના પોષણ માટે રાજ્ય સરકારે સઘન આયોજન કરીને મહિલા બાળ કલ્યાણ વિભાગનું બજેટ ૩ હજાર કરોડ સુધી વિસ્તાર્યુ છે તેની પણ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ પોષણ અભિયાન સાતત્યપૂર્ણ રીતે આગળ ધપાવવા પોષણ ત્રિવેણીની વિભાવના આપતાં કહ્યું કે, આંગણવાડી વર્કર, આશા વર્કર અને એએનએમ બહેનોની ત્રિવેણીથી આ અભિયાનને જવલંત સફળતા અપાવવી છે. તેમણે કહ્યું કે, આંગણવાડીઓની કાર્યકર બહેનો ભુલકાંઓનું લાલન-પાલન માતા યશોદા તરીકે કરતી આવી છે. હવે, આંગણવાડીઓની વ્યથા દૂર કરવી વ્યવસ્થા કરી આપવાનું દાયિત્વ આપણું છે. વિજય રૂપાણીએ એમ પણ જણાવ્યું કે, આ આંગણવાડી કાર્યકર બહેનોએ ''મારી આંગણવાડી સુપોષણયુકત આંગણવાડીનો'' ધ્યેય અપનાવી તેમની આંગણવાડીનું કોઇ જ બાળક કુપોષિત ન હોય તેની કાળજી લેવી જોઈએ. તેમણે આ સંદર્ભમાં એમ પણ ઉમેર્યુ કે, આ વર્ષ દરમિયાન એટલે કે આગામી તા.૨૬ જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં જે આંગણવાડી કાર્યકર, આશા વર્કર – એ.એન.એમ.ના વિસ્તારની આંગણવાડી સંપૂર્ણ સુપોષિત હશે તેવી શ્રેષ્ઠ કામગીરી કરનારી બહેનોને ૧૨ હજાર થી ૬ હજાર સુધીના પુરસ્કારથી સન્માનિત કરાશે.

# ગુજરાતને વ્યાજબી ભાવથી ગેસ આપવા માટેની અપીલ

અમદાવાદ,તા.૨૭

ગુજરાતને લાંબા ગાળા માટે વાજબી ભાવે ગેસ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે કતારના ગેસ પુરવઠા મંત્રી સાદ શેરીદા અલ કાબીને અપીલ કરી હતી. કેન્દ્રીય પેટ્રોલીયમ અને નેચરલ ગેસ બાબતોના મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને કતારના ઉર્જા મંત્રી સાદ શેરીદા અલ કાબી વચ્ચે દિલ્હી ખાતે યોજાયેલ ધ્વીપક્ષીય બેઠકમાં રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે આ રજૂઆત કરી હતી. રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે કતારના ઉર્જા મંત્રી સાથે ચર્ચા દરમિયાન રાજ્યમાં આવેલા ગેસ આધારિત પાવર પ્લાન્ટ અંગે માહિતી આપી હતી. રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તકના ૨૫૦૦ મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટ અને ખાનગી ક્ષેત્રના ૧૫૦૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા ગેસ આધારિત પાવર મળી રાજ્યમાં કુલ ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાના પાવર પ્લાન્ટ કાર્યરત છે. જો કુલ ક્ષમતાનાં ૭૦% પ્લાન્ટ પણ ચાલે તો દર વર્ષે ૩.૫ મિલિયન ટન ગેસની જરૂરીયાત હોય આ ગેસ સત્વરે મળે એ માટે અપીલ કરી છે. ઉર્જામંત્રી પટેલે કહ્યું હતું કે રાજ્યમાં કુલ ૧૮ લાખ ઘરોમાં પાઈપલાઈન આધારે નાગરિકોને ગેસ પૂરો પાડવામાં આવે છે અને આગામી દિવસોમાં આ આંકડો ૨૨ થી ૨૪ લાખ સુધી લઈ જવાનું રાજ્ય સરકારનું લક્ષ્યાંક છે. દેશભરમાં કુલ ૨૪૦૦૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા ગેસ આધારિત પાવર પ્લાન્ટ છે જેમાં ૨૧% હિસ્સો માત્ર ગુજરાતનો છે ત્યારે ગુજરાતને લાંબા ગાળા માટે વાજબી કિંમતે ગેસ મળી રહે તે માટે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. કતારના ગેસ પુરવઠા મંત્રી દ્વારા સૌરભ પટેલને આ અંગે ખાતરી પણ આપવામાં આવી હતી.



ભારતના ટોચની એફએમસીજી કંપનીમાંથી એક હિંદુસ્તાન કોકા-કોલા બેવરેજીસ (એચસીસીબી) દ્વારા તેની ગોબલેજ ફેક્ટરી ખાતે અંદર તેના એક્સપીરિયન્સ સેન્ટર એક્સપોમાં તાજેતરમાં સમાપન પામેલા બીજા તબક્કામાં ૮૦૦૦ કોટન બેગ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પ્રોત્સાહન આપવા માટે પહેલ

# ૮૦૦૦ કોટનની બેગનું કરવામાં આવેલું વિતરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૭

ભારતના ટોચની એફએમસીજી કંપનીમાંથી એક હિંદુસ્તાન કોકા-કોલા બેવરેજીસ (એચસીસીબી) દ્વારા તેની ગોબલેજ ફેક્ટરી ખાતે અંદર તેના એક્સપીરિયન્સ સેન્ટર એક્સપોમાં તાજેતરમાં સમાપન પામેલા બીજા તબક્કામાં ૮૦૦૦ કોટન બેગ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેના અન્ય એકમોનાં સ્થળે આવા જ પ્રકારની પહેલનું આયોજન કરતાં એચસીસીબી સક્ષમ સામગ્રીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સિંગલયુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા માટે ૨૨,૦૦૦થી વધુ કોટનની બેગ્સનું વિતરણ કરનારી પ્રથમ કોર્પોરેટ્સમાંથી એક બની છે અને સામાજિક પ્રેરણા પૂરી પાડી છે. એક્સપીરિયન્સ સેન્ટરમાં ગોબલેજ અને આસપાસનાં ગામોપાન સોલી, કનેરા, ભેરાઈ, ધાથલ, મલારપુરા, કાજીપુરા, સમદારા, વાસણખુર્દ, વૈકુંઠપુરા અને કાશીપુરામાંથી ૯૦૦૦થીવધુ લોકોએ પ્રદર્શનનીમુલાકાત લીધી હતી. ઉપરાંત એક્સપીરિયન્સ સેન્ટરમાં ખેડા તાલુકાની ૨૮ સરકારી પ્રાથમિક સ્કૂલોમાંથી પણ વિદ્યાર્થીઓની નોંધનીય હાજરી જોવા મળી હતી. આ થીમ પર નિર્માણ કરતાં કંપનીએ ગેમ ઝોન પણ નિર્માણ કર્યો હતો, જેમાં મુલાકાતીઓને મોટા પર્યાવરણીય પડકાર સ્રોત ખાતે જ કચરો અલગ કરવા વિશે વાકેફ કરવામાં આવ્યા હતા. ગેમિફિકેશન ઝોનનું લક્ષ્ય લોકોને તેમની આસપાસનું ધ્યાન રાખવા અને સ્વચ્છતા ઝુંબેશ ચલાવવા અભિમુખ બનાવવા અને સુશિક્ષિત કરવાનું હતું. એક્સપીરિયન્સ સેન્ટર ખાતે અન્ય આકર્ષણોમાં કંપનીની છત્રછાયા હેઠળના ઉપક્રમ પ્રોજેક્ટ ઉન્નતિ હેઠળ કેરી ઉગાડવાની અલ્ટ્રા હાઈ ડેન્સિટી પ્લાન્ટેશન (યુએચડીપી)નું પ્રદર્શન હતું. સ્થાનિક ખેડૂતોએ આ ટેકનીક વિશે ભરપૂર પૂછપરછ કરી હતી, કારણ કે તેનાથી કેરીની ઊપજ વધે છે અને તેને કારણે ખેડૂતોની આવકમાં વધારો થઈ શકે છે. ફેક્ટરીના સંકુલમાં આયોજિત એક્સપીરિયન્સ સેન્ટર મુલાકાતીઓને તેમનાં મનગમતાં પીણાંની બ્રાન્ડ્સની ઉત્પાદનની વિગતોની જાણકારી મળે તે રીતે તૈયાર કરાયું હતું. ઉપરાંત ચાર દિવસના પ્રદર્શનમાં લોકોને કુશળતા નિર્માણ, ફળની વાવણીની નવી રીત, નવીનીકરણક્ષમ ઊર્જાનો ઉપયોગ વગેરેમાં સહભાગી પણ કરાયા હતા. કંપનીની આ અજોડ સમુદાય સહભાગ પહેલ વિશે બોલતાં એચસીસીબીના ચીફ કોમ્યુનિકેશન્સ ઓફિસર કમલેશ શર્માએ જણાવ્યું હતું કે, પ્રદર્શનમાં આટલા જોશભેર સહભાગ અને ખાસ કરીને કચરા વ્યવસ્થાપન, પેટ રિસાઈકલિંગ, નવીનીકરણક્ષમ ઊર્જાનાં નિવારણો અને સક્ષમ કૃષિ પર કાર્યક્રમો જોવાનું બહુ જ હૃદયસ્પર્શી હતું. અમને ખાસ કરીને વિદ્યાર્થી સમુદાયે મોટી સંખ્યામાં અમારી મુલાકાત લીધી અને એન્જિનિયરિંગ અને ઉત્પાદન ટેકનોલોજીની વિગતો, સંકલ્પનાઓ સમજી તેની બહુ ખુશી થઈ છે.

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI